**જિલ્લા, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, કચેરી અમદાવાદ ખાતેની છાત્રાલય અધિક્ષક, વર્ગ-૩ ની એક હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃમસક/૧૦૨૦૦૯/૨૧૭૦/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૯/૧૦/૨૦૧૫.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૨૧/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃમસક/૧૦૨૦૦૯/૨૧૭૦/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૧૨/૧/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃમસક/૧૦૨૦૦૯/૨૧૭૦/ફ.
(૩) નિયામક સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ, અમદાવાદના તા.૧૪/૮/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ-નસકપ/૯૮/મકમ-૪/૨૦૧૫/૧૭૭૯.

**ઠ રા વઃ-**

નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદના નિયંત્રણ હેઠળની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી અમદાવાદ ખાતે છાત્રાલય અધિક્ષક, વર્ગ-૩ ની ૦૧ (એક) હંગામી જગ્યા ઉકત ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી મંજુર કરવામાં આવેલ હતી. નાણાં વિભાગની મંજુરી અન્વયે આ હંગામી જગ્યાની મુદત લંબાવવામાં આવેલ હતી. છેલ્લે ઉકત ક્રમાંક(૨) ના ઠરાવથી છાત્રાલય અધિક્ષક, વર્ગ-૩ ની પ્રસ્તુત જગ્યાને તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી જગ્યાની મુદત લંબાવવામાં આવેલ છે.

જિલ્લા સૈનિક કલ્યાણ કચેરી અમદાવાદ ખાતેની છાત્રાલય અધિક્ષક, વર્ગ-૩ ની જગ્યા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ભરેલી હોવાથી તથા હંગામી જગ્યા તરીકે લંબાવવામાં આવેલ હોવાથી ઉકત ક્રમાંક(૩) ના પત્રની નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદની કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્યના નિયંત્રણ હેઠળની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ ખાતેની છાત્રાલય અધિક્ષક, વર્ગ-૩ ની ૦૧ (એક) હંગામી જગ્યા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ભરાયેલ હોય તથા જગ્યાની જરૂરીયાત અને અગત્યતા ધ્યાને લઇ નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૨૩૫ – સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ગૌણ સદર–૨૦૦ યોજનાઓ પેટા સદર (૨) સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૬૦ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ) ની તા.૧૮/૯/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,અમદાવાદ.
૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૫. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સિલેકટ ફાઇલ.